પીસ ઓફ માઈન્ડ

# ન્યૂઝલેટર

ફેબ્રુઆરી ૨૦૨૬

## વેલેન્ટાઇન ડે આવૃત્તિ



વેલેન્ટાઇન દિવસ પ્રેમનો ઉત્સવ છે, અને ૧૮ ફેબ્રુઆરી—શ્રી રામકૃષ્ણ પરમહંસજીનો જન્મદિન—આ પ્રેમને આધ્યાત્મિક ઊંચાઈ આપે છે. રામકૃષ્ણ પરમહંસજી કહેતા હતા: "પ્રેમ જ ઈશ્વર છે, અને ઈશ્વર જ પ્રેમ છે." એમના જીવનનો કેન્દ્રબિંદુ જ નિષ્કામ પ્રેમ હતો—એવો પ્રેમ જેમાં કોઈ અપેક્ષા નથી, કોઈ બંધન નથી.

આ દિવસ આપણને યાદ અપાવે છે કે પ્રેમ ફક્ત રોમાંચ નથી, પરંતુ ભક્તિ છે; ફક્ત આકર્ષણ નથી, પરંતુ સમર્પણ છે. જ્યારે પ્રેમમાં 'હું' ઓગળી જાય છે અને 'તું'માં ઈશ્વર દેખાય છે, ત્યારે પ્રેમ સાધના બની જાય છે.



ચાલો, આ વેલેન્ટાઇન દિવસે રામકૃષ્ણ પરમહંસજીના સંદેશને હૃદયમાં ઉતારીએ—દરેક જીવમાં ઈશ્વરને જોવાનો, માફી અને કરુણાથી ભરેલો પ્રેમ જીવવાનો સંકલ્પ કરીએ. એવો પ્રેમ જ જીવનને પવિત્ર બનાવે છે.

~ Gaman Shrutpragya Ji

'અભાવાલય', વિનાયક વાટિકા, સામે. માધાપર બસ સ્ટોપ, જામનગર રોડ, રાજકોટ-360006. ગુજરાત, ભારત +91 884-993-2424 |
POMYC.ORG@GMAIL.COM | WWW.POMYC.ORG

# એન. એન. શાહ હાઈસ્કૂલમાં સમણ શ્રુતપ્રજ્ઞજીનો પ્રેરક સેમિનાર

*Chotila| January 7, 2026*

ચોટીલા સ્થિત એન. એન. શાહ હાઈસ્કૂલમાં સમણ શ્રુતપ્રજ્ઞજીનો પ્રેરણાદાયક અને વિચાર પ્રેરક સેમિનાર સફળતાપૂર્વક યોજાયો. આ સેમિનારમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સેમિનાર દરમિયાન સમણજીએ વિદ્યાર્થીઓને શાળાકીય અભ્યાસને આનંદદાયક, અર્થસભર અને તણાવમુક્ત કેવી રીતે બનાવવો તેના વિષે ત્રણ સરળ પરંતુ અસરકારક ટીપ્સ આપી હતી. વિદ્યાર્થીઓએ સમણજીના વિચારોને ખૂબ જ રસપૂર્વક સાંભળ્યા અને સકારાત્મક ઊર્જા સાથે પ્રતિભાવ આપ્યો.

આ વિશેષ અવસરે પ્રસિદ્ધ ગુજરાતી લોકકવિ ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકીભાઈએ પોતાના હૃદયસ્પર્શી વિચારો અને અનુભવો વ્યક્ત કર્યા. આ સેમિનારનું આયોજન કિરીટસિંહજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું અને વૈભવભાઈએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. આ મુલાકાતના ભાગરૂપે સમણ શ્રુતપ્રજ્ઞજીએ આદરણીય કવિ ઝવેરચંદ મેઘાણીના જન્મસ્થળની મુલાકાત લઈ ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પી, જેનાથી સમગ્ર કાર્યક્રમમાં સાંસ્કૃતિક અને ભાવનાત્મક ઊંડાણ ઉમેરાયું.





આ દિવસ સાંસ્કૃતિક રીતે પણ રસપ્રદ રહ્યો, કારણ કે કવિ ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકીભાઈએ હૃદયસ્પર્શી વિચારો રજૂ કર્યા. કિરીટસિંહજીના માર્ગદર્શન અને વૈભવભાઈના સુગમ સંચાલનમાં, કાર્યક્રમ સરળતાથી પાર પડ્યો.




**ઝવેરચંદ મેઘાણી** (૧૮૯૬-૧૯૪૭) ગુજરાતના સૌથી પ્રિય સાહિત્યિક અવાજોમાંના એક છે, જે આધુનિક ગુજરાતી લેખનમાં સૌરાષ્ટ્રના લોકગીતો, વાર્તાઓ અને હિંમતની ભાવના લાવવા માટે જાણીતા છે.



# પ્રકરણ બે: આરોગ્ય અને છુપાયેલી સંભાવના

*Panchavada and Atkot | January 8, 2026*

સમણ શ્રુતપ્રજ્ઞાજીએ પંચવડા અને આટકોટના વિદ્યાર્થીઓ સાથે દિવસ વિતાવ્યો, જે વ્યવહારુ અને ઉત્થાનકારક બંને લાગ્યું.

પંચવડા સ્થિત વિદ્યા આરંભ સ્કૂલમાં, તેમણે સ્વાસ્થ્યને વિદ્યાર્થી જીવનના કેન્દ્રમાં રાખ્યું, દરેકને યાદ અપાવ્યું: "પહેલા સ્વસ્થ બનો, યોગ્ય પ્રયાસ અને યોગ્ય ખોરાક દ્વારા તમારા સ્વાસ્થ્યનું રક્ષણ કરો." તેમણે કાર્યક્રમનું વિચારપૂર્વક આયોજન કરવા બદલ બિપિનભાઈનો પણ આભાર માન્યો.





તે દિવસે પાછળથી, આટકોટ સ્થિત ડી. બી. પટેલ છાત્રાલયમાં, લગભગ 300 છોકરીઓ બીજા સેમિનાર માટે ભેગી થઈ. સમનજીએ તેમની આંતરિક શક્તિ સાથે સીધી વાત કરી: "તમારી અંદર અનંત સંભાવનાઓ રહેલી છે, ક્યારેય તમારી જાતને ઓછી ન આંકશો." સત્ર પછી, ઘણા વિદ્યાર્થીઓએ સમણજી દ્વારા લખાયેલા પુસ્તકો ખરીદીને શિક્ષણ ઘરે લઈ જવાનું પસંદ કર્યું.

બે સ્થળોએ, એક દિવસ, એક સંદેશ જે વિદ્યાર્થીઓ સાથે રહ્યો: તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો, અને તમારી ક્ષમતા પર વિશ્વાસ કરો.



# પ્રકરણ 3: ભય વિના શ્રેષ્ઠતા

*Bhanvad* | *January* 9, 2026

સંદીપ દેસાઈએ બાળકોને સંબોધિત કરતા કહ્યું કે જે કરો તે શ્રેષ્ઠ કરો. નિષ્ફળ જવાની તૈયારી રાખો, નિષ્ફળતાથી ડરો નહીં. આ અવસરે સમણ શ્રુતપ્રજ્ઞજીની પ્રેરણાથી તુષારભાઈ અને સંદીપભાઈના હસ્તે ત્રણ બાળકોને ઓસ્ટિનના દાતાઓ દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવી. સમણજી, સંદીપભાઈ, તુષારભાઈ અને ભીમસીભાઈ સાથે ૨૦ બાળકો દ્વારકા, અને સોમનાથના પ્રવાસે ગયા હતા.

> "તમે જે પણ કરો, તે શ્રેષ્ઠતાથી કરો. નિષ્ફળતા આવે ત્યારે તેનો સામનો કરો, અને તેનાથી ડરશો નહીં."



દ્વારકા અને સોમનાથની ફિલ્ડ ટ્રીપ પર વિદ્યાર્થી જૂથ અને તેમના માર્ગદર્શકો

સમણ શ્રુતપ્રજ્ઞાજીના માર્ગદર્શન અને પ્રેરણાથી, કાર્યક્રમમાં પ્રયાસોની અર્થપૂર્ણ રીતે ઉજવણી પણ કરવામાં આવી. શ્રી તુષારભાઈ અને શ્રી સંદીપ દેસાઈએ ઓસ્ટિનના દાતાઓ વતી 3 શિષ્યવૃત્તિઓ અર્પણ કરી.

ત્યારબાદ, 20 વિદ્યાર્થીઓના જૂથે સમણજી, શ્રી સંદીપભાઈ, શ્રી તુષારભાઈ અને શ્રી ભીમસી ભાઈ સાથે દ્વારકા અને સોમનાથની ક્ષેત્ર યાત્રા કરી, અને દિવસને શિક્ષણ, ભક્તિ અને કાયમી યાદોની યાત્રામાં ફેરવી દીધો.

# ધરમપુર તીર્થ:
# આધ્યાત્મિક સાધના અને સેવાનો જીવંત શ્વાસ

*January* 12, 2026

આજ રોજ 15 વર્ષ બાદ સમણજીને ધરમપુર તીર્થની મુલાકાત લેવાનો અવસર પ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશભાઈ ઝવેરીના યોગબળે રચાયેલું આ તીર્થ માત્ર ભૌતિક સંરચના નહીં, પરંતુ સાધના અને સેવાનું જીવંત કેન્દ્ર છે. આશ્રમના લગભગ 450 મુમુક્ષુઓ વચ્ચે યોજાયેલ સત્સંગમાં સાધના અને સેવાના સંકલન વિષે છ સૂત્રો—જાગૃતિ, સ્વીકારભાવ, વૈરાગ્ય, ભક્તિ, મૌન અને કરુણાની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી.

આ તીર્થે આંતરમુખી જીવનની પ્રેરણા આપે છે અને આત્માનુસંધાન માટે “હું કોણ છું?” જેવા મૂળ પ્રશ્નોની ચેતના જગાવે છે. જિનાલયનું શાંત, પવિત્ર વાતાવરણ અને પ્રભુ મહાવીરની પ્રતિમાથી કરુણા, વીતરાગતા અને સ્થિરતાનો અનુભવ થયો. સાથે જ શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા ચાલતી સેવા પ્રવૃત્તિઓ — રોજગાર, આરોગ્ય, ધ્યાન અને સાધનાના કેન્દ્રો—ખરેખર પ્રશંસનીય લાગ્યા. ધરમપુર તીર્થ સાધના, સેવા અને સંવેદનાનું જીવંત પ્રયાગરાજ છે.












પરેશભાઈ રાવલને ત્યાં પણ સમણજીએ ગોચરી અને સત્સંગનો લાભ આપ્યો હતો. તેઓનો આભાર કે એમને સમણજી માટે ટ્રાન્સ્પોટેશનની વ્યવસ્થા કરી. અપૂર્વપ્રભુજી અને રક્ષિતપ્રભુજીનો વિશેષ આભાર વ્યક્ત કરીએ છે. રાજકોટથી જેસંગભાઈ ઈડા આ યાત્રામાં સહભાગી બન્યા હતા.

પરેશભાઈ રાવલને ત્યાં પણ સમણજીએ ગોચરી અને સત્સંગનો લાભ આપ્યો હતો. તેઓનો આભાર કે એમને સમણજી માટે ટ્રાન્સ્પોટેશનની વ્યવસ્થા કરી. અપૂર્વપ્રભુજી અને રક્ષિતપ્રભુજીનો વિશેષ આભાર વ્યક્ત કરીએ છે. રાજકોટથી જેસંગભાઈ ઈડા આ યાત્રામાં સહભાગી બન્યા હતા.

# દક્ષિણ ગુજરાત પ્રવાસ

*January 12 – January 17, 2026*

12 જાન્યુઆરીથી 17 જાન્યુઆરી, 2026 દરમિયાન યોજાયેલ દક્ષિણ ગુજરાત પ્રવાસ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ અને સામાજિક રીતે અત્યંત અર્થપૂર્ણ રહ્યો. આ પ્રવાસ દરમિયાન સમણજી દ્વારા વિવિધ સ્થળોએ સત્સંગ, વ્યાખ્ય, શાળાકીય સંવાદ, સંસ્થાકીય મુલાકાતો તથા વ્યક્તિગત મુલાકાતો યોજાઈ, જેના દ્વારા આધ્યાત્મિક જાગૃતિ ફેલાઈ અને સામુદાયિક જોડાણ વધુ મજબૂત બન્યું.

**બીલીમોરા – નવસારી**

- ~ બીલીમોરા ખાતે ભારતભાઈ પટેલ (આર્નસના પિતા)ના નિવાસસ્થાને સત્સંગ યોજાયો.
- ~સુનીલભાઈ પટેલના નિવાસસ્થાને સત્સંગ.
- ~ ભક્ત આશ્રમ શાળામાં વિદ્યાર્થીઓ માટે સત્સંગ.
- ~ સૈયાજી લાઇબ્રેરીની સંક્ષિપ્ત મુલાકાત તથા મેનેજમેન્ટ ટીમ સાથે સંવાદ.







- **સુરત**
- ~ દિવ્યાબેન અને દિલીપભાઈ પટેલ (જિહાસાના માતા-પિતા)ના નિવાસસ્થાને સત્સંગ.
- ~ પરિવારજનો સાથે વ્યક્તિગત (વન-ઓન-વન) મુલાકાત.
- ~ તપોવન પેરેન્ટ્સ સાથે પતંગોત્સવની ઉજવણી.
- ~ અશોકભાઈ ખંડોરના નિવાસસ્થાને સત્સંગ.
- ~ ANK સોલાર પેનલ કંપનીના સ્ટાફ માટે વ્યાખ્યાન.
- ~ નિકુંજભાઈના સ્ટુડિયો તથા નિવાસસ્થાનની મુલાકાત.
- ~ જયસુખભાઈ મહેતાના નિવાસસ્થાને રાત્રિ સત્સંગ.
-

આ દક્ષિણ ગુજરાત પ્રવાસ સત્સંગો, શૈક્ષણિક સંવાદ, વ્યાવસાયિક સંપર્ક, સંસ્થાકીય મુલાકાતો તથા વ્યક્તિગત આધ્યાત્મિક માર્ગદર્શનનું સુમેળભર્યું સંયોજન રહ્યો. સમણજીની કરુણામય ઉપસ્થિતિ અને માર્ગદર્શક ઉપદેશોએ મિત્રો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને પરિવારો પર દીર્ઘકાલીન આધ્યાત્મિક પ્રભાવ છોડી ગયો.

# પ્રકરણ 4: શિષ્યવૃત્તિ જે માર્ગને પ્રકાશિત કરે છે

*Bhanvad | January* 2026

પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા વર્ષ 2013 થી પ્રતિભાશાળી અને હકદાર વિધાર્થીઓને સતત શિષ્યવૃત્તિ આપવામાં આવી રહી છે. લગભગ દર મહિને રાજકોટ તેમજ પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ ખાતે વિવિધ દાતાશ્રીઓના સહયોગથી વિધાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે.

જાન્યુઆરી 2026માં ઓસ્ટિન, ટેક્સાસથી પધારેલા સંદીપભાઈ દેસાઈના હસ્તે વિશેષ સ્કોલરશીપ કાર્યક્રમ યોજાયો હતો. ઓસ્ટિન સ્થિત દાતાશ્રીઓના સહકારથી ત્રણ વિધાર્થીઓને, તેમજ રાજકોટમાં ત્રણ વિધાર્થીઓને, એમ કુલ છ પ્રતિભાશાળી બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

## દાનદાતાઓ અને સ્કોલરશિપ લાભાર્થીઓ


સંજના પીપરોતર

શ્રીમતી હીનાબેન રાજીવભાઈ ગાંધી
(ઓસ્ટિન, ટેક્સાસ)


કૃપાલી અંબાડા


નેહલ ઓડેદરા

શ્રી મયંકભાઈ દીપાબેન શાહ
(ઓસ્ટિન, ટેક્સાસ)


નૅન્સી દલાલ


મેશ્વા કરથિયા

શ્રીમતી મેહુલાબેન શ્રેયાંશભાઈ શાહ
(ઓસ્ટિન, ટેક્સાસ)


હેતા દોશી

પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન, રાજકોટ વતી અમે તમામ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. વિધાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આપનું યોગદાન નિશ્ચિત રૂપે પ્રેરણાસ્રોત બનશે.

# સમણજી પ્રવાસનું સમયપત્રક

**કૃપા કરીને નોંધ લો: આ એક કામચલાઉ સમયપત્રક છે અને તેમાં ફેરફાર થઈ શકે છે. મુસાફરીની પ્રતિબદ્ધતાઓ બનાવતા પહેલા, કૃપા કરીને સમનજીના અંતિમ પ્રવાસ કાર્યક્રમની સીધી પુષ્ટિ કરો**

POMYC.ORG@GMAIL.COM

| MONTH | DATES | LOCATION | |
|---|---|---|---|
| FEBRUARY | 8 | BHUJ-KUTCH TRIP |  |
| FEBRUARY | 13-24 | SINGAPORE |  |
| FEBRUARY–MARCH | 25-3 | MALAYSIA |  |
| MARCH | 13-17 | JAISALMER |  |

**Singapore Jain Religious Society**

*Invites all to join for*

## *Dhyan Shibir by Saman Shrutpragyaji & Pritbhai Khandor*




## *Save the Date*

## *15th Feb 2026 – 18th Feb 2026*

Venue

SJRS Sthanak, 18 Jalan Yasin, Singapore 417991

More details and registration link to follow soon